# અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો

## અચાનક જ વાદળછાયુ વાતાવરણ થતા ખેડૂતો ચિંતીત

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લામાં છેલ્લા દસેક દિવસથી ઉનાળાની શરૂઆત થઈ ગઈ હતી અને ગરમીનું પ્રમાણ સતત ઉંચુ જળવાઈ રહેતાં હીટવેવ કંડીશન સર્જાઈ હતી પરંતુ છેલ્લા ૩ દિવસથી વાદળો ચઢી આવતાં હવામાનમાં ફરી એકવાર પલ્ટો આવવાની સાથે તાપમાનમાં પણ આંશિક ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ માવઠાના વાદળો ઘેરાતાં અરવલ્લી જિલ્લાના ખેડૂતોમાં પાક લણવાના સમયે જ વરસાદી ઝાપટું ખાબકવાની સંભાવનાથી ચિંતાની લકીરો તણાઈ.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી તાપમાનમાં સતત વધારો જોવા મળી રહ્યો હતો અને અરવલ્લી જિલ્લાનું તાપમાન સામાન્ય ગરમીના તાપમાન કરતાં વધારે પારાએ ઉંચાઈ પકડતાં જિલ્લામાં હિટવેવની કંડીશનનું નિર્માણ થયું હતું. પરંતુ બુધવારની સાંજ પછી વાતાવરણમાં અચાનક બદલાવ જોવા મળ્યો હતો. અને આકાશમાં વાદળો આવી ચડતાં સમગ્ર જિલ્લામાં વાતાવરણ વાદળછાયુ બનતા અને હવામાન વિભાગ દ્વારા પણ જિલ્લામાં ૪૮ કલાક દરમિયાન કેટલાક સ્થળોએ હળવા ઝાપટા સાથે વરસાદની આગાહી કરતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ છે.

હાલમાં સમગ્ર જિલ્લામાં ઘઉંની કાપણીનું કામ ચાલુ છે જયારે બીજી તરફ બટાકા પણ ખેતરોમાંથી નિકાળી રહ્યા છે ત્યારે જો માવઠું થાય તો ખેડૂતોને ભારે નુકશાન ઉઠાવવું પડે તેમ છે. માર્ચ મહિનામાં જ થયેલા માવઠાએ અગાઉથી જ ખેડૂતોને



(તસવીર : જય અમીન, મોડાસા)

ઘમરોળી નાખ્યા હતા અને નુકશાન થયું હતું. જો હવે વાતાવરણમાં આવેલા પલટાના લીધે જો માવઠું થાય તો ખેડતોનો 'પડતા પર પાટુ' જેવો ઘાટ સમગ્ર જિલ્લામાં સર્જાય તેમ લાગી રહ્યું છે. માવઠાની ભીતીથી ખેડૂતો ચિંતિત બની ગયા છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર સ્થિત કંથેરિયા હનુમાન મંદિરે સુપ્રસિદ્ધ કથાકાર ગીરીશજી મહારાજની વ્યાસપીઠે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. રામકથા સાત દિવસ સુધી બપોરે ૩ થી ૭ કલાક દરમિયાન યોજાશે.



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

ખેડબ્રહ્મા નજીકના લક્ષ્મીપુરા ગામે રામનવમી પર્વે હર્ષોલ્લાસપૂર્વક રામજન્મોત્સવ કાર્યક્રમની ભાવિકો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ રામજન્મોત્સવમાં ધાર્મિક સંતવાણી અને ભજનો પણ સંતો મહંતો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પૂ. સં. રામજી મુનાઈજી, સુરેશજી કોળા, રામચંદ્ર બાપુ, જોઈતા દાદા, હરિદાદા વગેરે આગેવાનો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતાં.

# પ્રાંતિજમાં પાંડુરોગ નિયંત્રણ તથા માતા બાળ આરોગ્ય શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ તાલુકા હેલ્થ ઓફિસના નેતૃત્વ હેઠળ પ્રાંતિજ ખાતે તાલુકાની આશા કાર્યકર, આરોગ્ય કાર્યકર તથા મેડિકલ ઓફિસર તથા આંગણવાડી સુપરવાઈઝરની કાર્યશિબિર યોજાઈ હતી.

પ્રાંતિજ ખાતે તાલુકાના હેલ્થ ઓફિસર ડૉ. ગોતમ નાયકના નેતૃત્વ હેઠળ ૦ થી ૧૮ વર્ષના તમામ બાળકોને આર્યનની ગોળી ગળાવવી, સગર્ભા માતાને પાંડુરોગ સામે રક્ષણ આપવાની તથા જોખમી સગર્ભાની સલામતી વિષે વિડીયો-ઓડિયો દ્વારા ડૉ. મેહુલ ચોપડા થકી તાલીમ અપાઈ હતી. ડૉ. ગોતમ નાયક દ્વારા આંગણવાડી તથા આરોગ્ય સ્ટાફ સાથે સંકલન કરી માતા મૃત્યુદર તથા બાળમૃત્યુદર ઘટાડવાના સરકારના પ્રયત્નો તથા માર્ગદર્શન તરફ પગલાં માટે માહિતગાર કરવામાં આવ્યા હતાં. તાલુકાની તમામ આશા તથા આરોગ્ય સ્ટાફે ઉત્સાહપૂર્વક આ કાર્યશિબિરમાં ભાગ લઈ સ્વસ્થ પ્રાંતિજ સ્વસ્થ સાબરકાંઠા તથા સ્વસ્થ ગુજરાતની પ્રતિજ્ઞા લીધી હતી.

# તલોદની કોલેજમાં જીવીકે ઈમરજન્સી ૧૦૮ સેવા દ્વારા ઈન્ટરવ્યુ યોજાયા!

તલોદ, તા.૨૯

તલોદની એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ ખાતે ઈમરજન્સી મેનેજમેન્ટ રિસર્ચ ઈન્સ્ટીટયૂટ ગુજરાત ૧૦૮ ઈમરજન્સી સેન્ટર દ્વારા મેડિકલ ટેકનીશીયન્સ માટે ઈન્ટરવ્યુ યોજાયા હતા.

સંસ્થાના ઉદિથા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત તાજેતરમાં કોલેજના નવોદિત સ્નાતક વિદ્યાર્થીઓ માટે આયોજન થયું હતું. જેમાં ૧૧૦ વિદ્યાર્થીઓએ લેખિત પરીક્ષા તથા મૌખિક ઈન્ટરવ્યુ આપ્યા હતા. પરિણામ જાહેર થતા કુલ ૧૯ વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને નિમણુંક ઓર્ડર સુપ્રત કરવામાં આવ્યા હતા. સફળતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને આચાર્ય ડૉ. એસ.સી. પરીખ, ડૉ. એમ.એલ. લેઉવા તથા આર.જી. ગજ્જરએ અભિનંદન પાઠવ્યા હતા.

# ખેડબ્રહ્મામાં ચૈત્રી પૂનમના મેળાની તડામાર તૈયારીઓ

ખેડબ્રહ્મા, તા.૨૯

ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા અંબાજી માતાના સાંનિધ્યમાં ચૈત્રી સુદ પૂનમનો મેળો ભરાય છે. આગામી ગુરુવારથી શનિવાર સુધી ત્રણ દિવસ ચાલનારા આ મેળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં ભકતો ઉમટી પડવાની ધારણા હોઈ વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ખેડબ્રહ્મા અંબિકા મંદિર ટ્રસ્ટ દ્વારા પણ ચૈત્રી પૂનમના મેળાની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ખેડબ્રહ્મા મામલતદાર એચ.એન.મોદી તથા નાયબ મામલતદાર મહેસુલ પી.બી. જોષી દ્વારા મેળાની જગ્યાએ પ્લોટની હરાજીની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. આ વખતે ચૈત્રી પૂનમે ચંદ્ર ગ્રહણના કારણે માતાજીના દર્શનના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. પૂનમના દિવસે સવારે ૬ થી ૧૧ સુધી દર્શન નો ભાવિકો લાભ લઈ શકશે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

**મેઘરજ ઉમા વિદ્યાલય દ્વારા દશાબ્દી મહોત્સવ અને વાર્ષિકોત્સવ ઉજવાયો**

મેઘરજ ઉમા વિદ્યાલય દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉમા વિદ્યાલયના કેજી૧, કેજી૨ અને ધોરણ ૧ થી ૮ના બાળ વિદ્યાર્થીઓએ પ્રેક્ષકોના મન મોહી લે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા તેમાં વિદ્યાર્થીઓને સાથ અને સહકાર માટે ઉમા વિદ્યાલયના સ્ટાફ અને બાળકોના વાલીઓએ પણ સાથ આપ્યો હતો. આ પ્રસંગે પ્રમુખ તુલસીભાઈ એ. પટેલ-ટ્રસ્ટી, રમણભાઈ કે. પટેલ પ્રિ., મહિરભાઈ જે. પટેલ, જયયંવતિકાબેન, હીરાજી ડામોર, મામલતદાર આર.કે. ઓઝા, તાલુકા વિકાસ અધિકારી ડી.જી. પટેલ, પી.એસ.આઈ. સુબોધ બી.મોડીયા અને ઉમા વિદ્યાલય સ્કૂલ સ્ટાફ તેમજ અન્ય આમંત્રિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને મહેમાનો હાજર રહ્યા હતાં.



**વાજપેયીને ભારતરત્ન અપાયાની ખુશાલી**

મોડાસા શહેરમાં ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને દેશનું સર્વોચ્ચ સન્માન એવા ભારત રત્ન પુરસ્કારથી દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ વાજપેયીના નિવાસસ્થાને જઈ એનાયત કરતા અરવલ્લી જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા અને મોડાસા નગરપાલિકાના ભાજપાના સદસ્યોએ મોડાસા ચાર રસ્તા પર આતશબાજી કરી ઉજવણી કરી હતી. (તસવીર : જય અમીન, મોડાસા)

# મહેસાણામાં રામનવમી ઉજવાઈ

મહેસાણા, તા.૨૯

આજે મહેસાણા શહેરમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પરંપરાગત રીતે ભગવાન રામચંદ્રજીની જન્મ જયંતિ નિમિતે શ્રી રામજીની ભવ્ય રથયાત્રા નીકળી હતી જેમાં ઘણી મોટી સંખ્યામાં ભાવિકજનો જોડાયા હતાં.

શહેરના પરા વિસ્તારમાં આવેલ રામજી મંદિરેથી બપોરના સમયે ભગવાન શ્રી રામની ભવ્ય રથયાત્રા નીકળી હતી જે શહેરના આઝાદચોક રેલવે સ્ટેશન રોડ, રાજમહેલ રોડ, રાધનપુર ચોકડી હાઈવે, મોઢેરા ચાર રસ્તા, એસ.ટી. વર્કશોપ, પટવાપોળ જઈને મોડી સાંજે પરા રામજી મંદિર ખાતે પરત પહોંચી હતી. આ રથયાત્રામાં હાથી, ઘોડા, ઉંટા, ટ્રકો, ટ્રેકટરો, ઉંટલારીઓ, ભજન મંડળીઓ, વિવિધ મંડળો, ધાર્મિક સંસ્થાઓ, અખાડા, અંગકસરત, વેશભૂષાઓ, સાધુસંતો, રાજકારણીઓ ભકતજનો ઘણી મોટી સંખ્યામાં જોડાયા હતા. રથયાત્રાના માર્ગો પર ઠેર ઠેર પીવાના પાણી, શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રસાદનું પણ વિતરણ કરાયું હતું. રથયાત્રાને લઈને શહેરમાં કેટલાક સ્થળોએ સુશોભન કરવામાં આવ્યું હતું.

શહેરની શ્રી રામ સેવા સમિતિ તરફથી રામનવમીની રથયાત્રાનું સુંદર આયોજન થયું હતું. રથયાત્રાને પગલે શહેરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. રથયાત્રામાં મહેસાણા શહેરમાં શહેર અને જિલ્લાના ભાવિકજનો ઉમટયા હતા. રથયાત્રાને કારણે શહેરના મોટા ભાગના બજારો બંધ રહ્યા હતા. દરમિયાન મહેસાણા જિલ્લાના વિસનગર, કડી, ગોઝારીયા અને ખેરાલુમાં તેમજ પાટણ જિલ્લાના પાટણ અને સિધ્ધપુર નગરોમાં પણ પરંપરાગત રીતે રામનવમીના રોજ વિશાળ રથયાત્રાઓ નીકળી હતી.

# ભિલોડામાં વ્યસનમુક્તિ અભિયાન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલય કંપાઉન્ડમાં ગુજરાત રાજયના સાવરકુંડલા ગામના સુપ્રસિધ્ધ પીરે તરીકત દાદાબાપુના સાનિધ્યમાં વ્યસનમુક્તિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સંયુક્ત સુન્ની મુસ્લીમ, એજયુકેશનલ એન્ડ સોશીયલ વેલ્ફેર ટ્રસ્ટ, ભિલોડા સુન્ની મુસ્લીમ સમાજ ધ્વારા આયોજીત વ્યસન મુક્તિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.

સાવરકુંડલાવાળા સુપ્રસિધ્ધ પીરે તરીકત દાદાબાપુએ વ્યસનના બંધાણી હિન્દુઓને શાલ ઓઢાડી અને મુસ્લીમોને ટોપી પહેરાવી વ્યસનો સંપુર્ણપણે બંધ કરવા અનુરોધ કરાયો હતો.

ભિલોડામાં વ્યસન મુક્તિ અભિયાન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વ્યસનના બંધાણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડામાં વર્ષોથી વ્યસન કરતા વ્યસનના બંધાણીઓએ તમાકુ, બીડી, સીગારેટ, દારૂ, સોપારી સહિત અનેક વ્યસની ચીજો છોડી દીધી હતી. ભિલોડામાં વ્યસન મુક્તિ અભિયાન કાર્યક્રમમાં તમાકુ, બીડી, સીગારેટ, સોપારીના પાઉચો સભા મંડપ પાસે મુકી દીધા હતા. આ પ્રસંગે ઈર્શાદબેગ મિર્ઝા, ગ્યાસુદ્દીન શેખ,અજીજખાન મકરાણી(મીલન પરીવાર, ભિલોડા), ડૉ.એ.આર. મનસુરી, ગનીભાઈ મનસુરી(પત્રકાર, ભિલોડા), ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, મુકેશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ મહેતા સહિત સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા સુન્ની મુસ્લીમ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડામાં વ્યસન મુક્તિ અભિયાન કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ભિલોડા સુન્ની મુસ્લીમ સમાજના અગ્રણીઓએ ઉઠાવી હતી.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧